## ફતવો :(૮) મુફતી અહમદ ખાનપુરી સાહેબહફીઝહુલ્લાહ

દારુલ ઈફતા, જામિઅહ મદ્રસા તા'લીમુદ્દીન, ડાભેલ.(તા. ૨ જિલ્કદ સન હિજરી ૧૪૩૦)

**( સારાંસ : ન્યુ મૂન થિયરીના હિસાબો જે ૨૯મીની સાંજે ચંદ્ર દર્શન નો ઈન્કાર કરે તો એ કારણે શરઈ ગવાહીઓને રદ કરી શકાતી નથી. કારણ કે, "ગવાહી"ને શારેઅ્ (અલૈ.)એ "યકીની" કહ્યું છે, ન કે ખગોળીય હિસાબોને !!!)**

**જવાબ :** حامداً ومصلّیاً ومسلماً મહમૂદુલ ફતાવામાં છે, રૂયતે હિલાલ (ચંદ્ર દર્શન)ની બાબતે વેધશાળાઓના યંત્રો અને ખગોળીય હિસાબોના બિન આધાભૂત હોવાનો મસ્અલો લગભગ ઈજ્માઈ (સર્વસહમત) મસ્અલો છે....

**શયખુલ હદીષ મવલાના મુહમ્મદ ઝકરિય્યા સા.**(રહ.) "اوجزالمسالک شرح مؤطاامام مالک" માં લખે છે કે, **لایصح عن مطرف**؛ قال ابن عبد البر. . . .

(ઈબ્ને અબ્દુલબર્ર રહ.એ ફરમાવ્યું કે, હઝરત મુતરફ રહ. તરફ ખગોળશાસ્ત્રનો સંબંધ જોડવો ખોટું છે)...... (اوجزالمسالک ج ۵ ص ۱٦)

**મુલ્લાં અલી કારી**(રહ.) શરહે મિસ્કાતમાં ફરમાવે છે,

وفی شرح السنة.... هومردود لحدیث (انامة امیة لانکتب ولانحسب )....(مرقاۃ ج ۴ ص ۲۴۲)

અલ્લામહ શામી ફરમાવે છે,

لایعتبر قولهم بالاجماع ....(شامی ج ۲ ص ۱۰۰)

આ બધા જ ઉપરોક્ત લખાણોથી આ વાત સ્પષ્ટ જાણ થાય છે કે, રૂયતે હિલાલ (ચંદ્ર દર્શન)ના મા'મલામાં ખગોળીય વેધશાળાઓની ગણતરીઓ તથા યંત્રો બિનઆધારભૂત છે અને આ પણ જાણ થઈ કે, આ મસ્અલો ઈજ્માઈ (સર્વસહમત) છે. અમુક શાફીઓએ હિસાબને મોઅ્તબર (ભરોસાપાત્ર) માન્યો છે, પરંતુ પોતે તેમના જ મસ્લકવાળા મશાઈખોએ તેમને રદિયો આપ્યો છે.

**અલ્લામહ શામી** (રહ.)એ પોતાની પુસ્તિકા تنبیه الغافل والوسنان علی احکام هلال رمضان માં એક આગવું પ્રકરણ લખીને આ મસ્અલા વિશે નોંધ્યું છે, જેમાં ચારેય મસ્લકની ભરોસાપાત્ર કિતાબોમાંથી અવતરણો રજુ કરીને તેના ઈજ્માઈ (સર્વસહમત) હોવાનું સાબિત કર્યું છે. આ બાબતો رسائل ابن عابدین ج ۱ ص ۲۴٦تا۲۴۹ માં જોઈ શકાય છે.

જ્યારે વેધશાળાઓના ખગોળીય હિસાબો માતબર નથી તો સાબિત થયું કે.... જો ગવાહો એ વાતની ગવાહી આપે  કે અમે ચાંદ જોયો છે અને ખગોળીય હિસાબોના આધારથી તે દિવસે ચંદ્રદર્શન ની કોઈ સંભાવના ન હોય તો  પણ માત્ર ખગોળીય હિસાબોના કારણે આ ગવાહોની ગવાહીને રદ કરવામાં આવશે નહીં..... (ردالمحتار علی در المختار ج ۲ ص ۱۰۰)

આ ચર્ચાથી આ વાત સ્પષ્ટ થઈ ગઈ કે, જો વેધશાળાઓવાળા એવું એ'લાન કરે કે, ફલાણા દિવસે ચંદ્રદર્શન શક્ય નથી અને શરઅી શહાદતોથી તે દિવસે રૂયત સાબિત થઈ જાય તો ગવાહી ઉપર જ અમલ કરવામાં આવશે, માત્ર વેધશાળાઓના સંશોધનો અને હિસાબોના કારણે ગવાહી રદ કરવામાં નહીં આવે. (محمودالفتاوی ج ۲ ص ۱۳۱تا۱۴۲) ફક્ત વલ્લાહુ અઅ્લમુ.

—(સદર મુફતી) અહમદ ખાનપુરી (હફીઝહુલ્લાહ) ૨ જિલ્કદ સન હિજરી ૧૪૩૦.

(સિક્કો –દારુલ ઈફતા, જામિઅહ ઈસ્લામિય્યાહ તા'લીમુદ્દીન, ડાભેલ, જિલ્લા નવસારી)જવાબ સાચો છે, (સહાયક મુફતી) અબ્દુસ્સમદ, રાજકોટી હફીઝહુલ્લાહ.વાબ સાચો છે, (નાયબ મુફતી) અબ્બાસ દાવુદ, બિસ્મિલ્લાહ હફીઝહુલ્લાહ.(સિક્કો –દારુલ ઈફતા)

**નોંધ :** અમને અફસોસ છે કે, પ્રસ્તુત ફતાવા અમારી ઈંગ્લીશ અને ઉર્દૂની ચાર કિતાબો, (પ્રકાશન શાબાન ૧૪૨૯ હિજરી અને ૨જ્જબ ૧૪૨૯ હિજરી)માં સામેલ ન થઈ શક્યા. (જુઓ અમારી વેબસાઈટ મા). કારણ કે, આ અમને પાછલા જિલ્હજ્જ ૧૪૩૦માં જ મળ્યા.